# બાગાયત મહાવિદ્યાલય હસ્તકના લાલબાગ, સકકરબાગ, મઘડીબાગ તથા જાંબુવાડી ફાર્મમાં આવેલ સીતાફળ, જામફળ તેમજ આંબળાના ઝાડ પરથી ફાલ ઉતારી લઈ જવાની મૌસમી હરરાજીના ટેન્ડરની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧. | ટેન્ડરની વિગત | : | બાગાયત મહાવિદ્યાલયની કચેરી હસ્તકનાં જૂદા–જૂદા ફાર્મમાંથી સીતાફળ, જામફળ, તેમજ આંબળાના ઝાડમાંથી ફાલ ઉતારી લઈ જવાના મૌસમી ઈજારા માટે ટેન્ડર મંગાવવા અંગે.... |
| ૨. | કોરા ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ અને | : | ૩૧/૦૮/૨૦૨૬ થી ૧૧/૦૯/૨૦૨૬ સુધી |
| | સમય | : | ઓફિસ સમય દરમ્યાન |
| ૩. | સીલ ટેન્ડર ફોર્મ રજી. પોસ્ટ એ.ડી. સ્પીડ | : | **તા.૧૧/૦૯/૨૦૨૬ કચેરી સમય સુધીમાં** |
| | પોસ્ટથી સ્વીકારવાની છેલ્લી તારીખ | : | કન્વીનરશ્રી,<br>આચાર્ય અને ડીન, |
| | સીલ બંધ કવર મોકલવાનું સરનામું | : | બાગાયત મહાવિદ્યાલય,<br>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ–૩૬૨૦૦૧ |
| ૪. | ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | : | **તા.૧૪/૦૯/૨૦૨૬ સોમવાર** |
| | સ્થળ | : | **સમયઃ ૧૦:૦૦ કલાકે અત્રેની કચેરી** |
| ૫. | ટેન્ડર ફી | : | **રૂ.૩૦૦/–** રોકડેથી ભરી નામ લખાવી ટેન્ડર મેળવવાનું રહેશે. જે નામથી ટેન્ડર લઈ ગયેલ હોય, તે જ પાર્ટીના નામનો ટેન્ડર ભરવાનો રહેશે. ટેન્ડર ફી પરત મળવા પાત્ર નથી. |
| ૬. | હરરાજીમાં ભાગ લેવા ભરવાની રકમ | : | • **ટેન્ડર ભરનાર પાર્ટીએ ટેન્ડર ખોલવાની તારીખે રૂ.૫,૦૦૦/–** અર્નેસ્ટમની પેટે ભરવાના રહેશે.<br>• અર્નેસ્ટમની ભરનાર પાર્ટીના જ ટેન્ડર ખોલવામાં આવશે.<br>• હરરાજીમાં ભાગ લેવા ભરેલ રકમ હરરાજી પુરી થયે સ્થળ ઉપર વગર વ્યાજે પરત કરવામાં આવશે.<br>• ઈજારની શરતો માન્ય છે તે બદલ શરતોમાં સહી કરવાની રહેશે. |

કન્વીનર
આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂકૃયુ, જૂનાગઢ

## –:: <u>સીતાફળ, જામફળ, આંબળાના મૌસમી ઈજારાની શરતો</u> ::–

| | |
|---|---|
| ૧. | **આ ઈજારો ફળ ઉતારી લઈ જવા માટેનો છે. ઈજારામાં અપાયેલ ઝાડમાંથી ફળો ઉતારી લઈ જવાની મુદત તા.૨૮/૦૨/૨૦૨૭ સુધીનો રહેશે.** |
| ૨. | માંગણીદારે માંગણી કરતાં પહેલાં ઈજારામા ભાગ લેવા પેટે રૂા. **૫,૦૦૦/– ભરવાના રહેશે,** જે માંડલ પુરૂ થયે વગર વ્યાજે પરત કરવામાં આવશે. |
| ૩. | **ઈજારાના કોરા ટેન્ડર ફોર્મમાં આપેલ માહિતી ઈજારાની શરતો મુજબ કંપ્લીટ ભરવાની રહેશે, અધુરી વિગતોવાળા ટેન્ડરફોર્મ રદ ગણવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.** ઈજારાદારે સાથે ઓળખકાર્ડ અને રહેઠાંણના આધારની (ઝેરોક્ષ કોપી), મોબાઈલ નંબર તથા બેંક પાસબુકની નકલ/કેન્સલ ચેક કચેરીમાં રજુ કરવાના રહેશે. **જે ઈજારો રાખવાનો હોય તેના સામેના ખાનામાં રકમ અંકમાં અને શબ્દમાં લખવાની રહેશે.** |
| ૪. | કવર ઉપર **"જામફળ–સીતાફળ ના ઈજારાના ભાવ"** એમ સ્પષ્ટ લખાવાનું રહેશે. અન્યથા કવર ખુલી જશે તો ટેન્ડર ફોમ રદ ગણવામાં આવશે. કચેરીમાં સીલબંધ ટેન્ડર ફોર્મ સ્વીકારવાની **છેલ્લી તારીખઃ ૧૧/૦૯/૨૦૨૬** છે. ઈજારાના સલબંધ કવર **રજીસ્ટર પોસ્ટ/કુરીયર પોસ્ટ/સ્પીડ પોસ્ટ** દવારા બાગાયત મહાવિદ્યાલયની કચેરીમાં સ્વીકારવામાં આવશે. **રૂબરૂ સ્વીકારવામાં આવશે નહી.** |
| ૫. | જેમનો ઈજારો મંજુર થશે તેમણે છેવટેની મંજુર થયેલ માંગણીની ૧૦ % મુજબ રકમ તે જ દિવસે અથવા **દિવસ–૫ માં ડીપોઝીટ** પેટે કચેરીમાં ભરવાની રહેશે, તેમજ તેની પહોંચ કચેરી ખાતેથી મેળવી લેવાની રહેશે. જે રકમ મુદત પુરી થયે કંઈ નુકશાની નહી થયા અંગેનું બાગના અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયે વગર વ્યાજે પરત ચુકવવામાં આવશે. |
| ૬. | માંગણીની રકમ બાગવાર વસુલ લેવામાં આવશે. ડીપોઝીટ તથા ઈજારાની રકમ પુરી ભરપાઈ થયા બાદ દાખલ ચીઠી આપવામાં આવશે. |
| ૭. | ઈજારો રાખનાર ઈજારદારે ઈજારાની **પુરી રકમ એકીસાથે દિવસ–૧૫માં** અથવા માલ ઉતારતા પહેલા કચેરીમાં ભરવાની રહેશે. આપેલ મુદતમાં રકમ સમયસર ન ભરતા વિલંબીત ચાર્જ ૧૮% લેખે વસુલ કરવામાં આવશે. તેમ છતાં રકમ ન ભરતાં ઉપલી કચેરીને જાણ કરી, ઘટતાં પગલાં લેવામાં આવશે. |
| ૮. | ઈજારાની શરત મુજબ રકમ ભરપાઈ નહી થાયતો ઈજારો રદ ગણાશે. અનામત જપ્ત થશે અને ફરીથી ઈજારો અપાશે. આમ કરતાં જે કંઈ નુકશાની થશે તે રેવન્યુ રાહે વસુલ થશે તેમજ નફામાં કાંઈ હકક રહેશે નહી. સમયસર રકમ ન ભરનારને ટેન્ડરમાં દર્શાવેલ સરનામે કરેલ પત્રવ્યવહાર માન્ય રાખવાનો રહેશે. |
| ૯. | ઈજારદારે તેમનું પાતાનું ઘર/ઓફીસનું સરનામું ઓફીસમાં આપેલ હશે તે સરનામે પત્રવ્યવહાર કરવામાં આવશે. વિવાદી પ્રશ્નોમાં તેમણે આપેલ સરનામે કરેલ પત્રવ્યવહાર તેમને માન્ય રાખવા પડશે. |
| ૧૦. | ઈજારદાર પેટા ઈજારો કોઈને આપી શકશે નહી. ઈજારદાર/પાર્ટીએ રાખેલ ઈજારામાંથી ઉતારેલ માલ/ઉપજને ફાર્મ/કેન્દ્રના પરીસરની બહાર વેચાણ કરવાની વ્યવસ્થા ઈજારદારે પોતે કરવાની રહેશે. |
| ૧૧. | બાગોના જે રખોલીયા કે પ્રતિનીધી રાખવામાં આવશે તેના નામ અને સરનામાં જે તે બાગના ખેતીવાડી મદદનીશ ને અને સીકયોરીટી ઓફીસરને લેખીતમાં જાણ કરવાની રહેશે. વ્યકિત બદલાય તો તુરંતજ જાણ કરવી આવા માણસોનું વર્તન યુનિવર્સિટીને નુકશાનકર્તા જણાશે તો તેમને તુરંતજ બાગોમાંથી કાઢી મુકવામાં આવશે. |
| ૧૨. | ઈજારદારને કે તેમણે રાખેલ માણસોને ફાર્મમાં કોઈ આકસ્મીક, લાગભાગ કે અન્ય ઈજા થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૧૩. | માલ લઈ જવાનો સમય રવિવારના તેમજ જાહેરના રજાના દિવસો સિવાય સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ અને બપોરના ૨.૦૦ થી સાંજના ૫.૦૦ સુધીનો રહેશે. ઈજારદાર બગીચામાં ઈજારા દરમ્યાન માલ ઉતારતા જુ.કૃ.યુ. ની કોઈપણ માલ/મિલ્કત કે કાંઈ નુકશાની થશે તે ડીપોઝીટની રકમ માંથી મજરે લેવાની રહેશે. નુકશાની વધુ હશે તો રેવન્યુ રાહે વસુલ કરવામાં આવશે. |
| ૧૪. | **અખતરાના ઝાડોને માલ ઉતારતા પહેલા જેતે ફાર્મના અધિકારી ને જાણ કરવાની રહેશે.** તેમજ અવલોકનો લીધા બાદ માલ ઉતારવા દેવામાં આવશે. માલ ઝાડ પ્રમાણે ઉતારી અલગ રાખી વજન નોંધાવ્યા બાદ માલ લઈ જવા દેવામાં આવશે. **<u>આમા જો શરતચુક થશે તો ઈજારો રદ કરવાની કચેરીના વડાને રહેશે.</u>** |
| ૧૫. | વાવાઝોડુ, અતિવૃષ્ટિ કે બીજી આસમાની/સુલતાની બનાવોથી ઝાડના ફળ, ફુલને નુંકશાની થશે તો તેની યુનિ.ની જવાબદારી રહેશે નહી કે આ અંગેનું કોઈપણ જાતનું વળતર ચુકવવામાં આવશે નહી. |
| ૧૬. | લેબોરેટરીના અવલોકનો માટે જરૂરીયાત મુજબના ફળો સેમ્પલ માટે આપવાના રહેશે. વધુમાં વધુ ૧ કીલો સુધી ફ્રી આપવાનાં રહેશે ૧ કીગ્રા થી વધુ સેમ્પલની જરૂરીયાત રહેશે તો તેના નાણાં બજાર કીંમતે ચુકવી આપવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૭. | ઝાડોને જરૂરીયાત મુજબ પાણી અપાશે. મોટરમાં ખોટકો થઈ જાય તો ચાલુ કરવાની તજવીજ કરવામાં આવશે પાણી કુવાના પુરવઠાને આધીન રહેશે. |
| ૧૮. | ઈજારદાર બાગમાં કોઈ માલ–ઢોર રાખી શકશે નહી. બાગમાં લીલા કે સુંકા લાકડા ઉપર ઈજારદારનો હકક રહેશે નહી. આકસ્મિત સંજોગો ઉપસ્થિત થતા રોગીષ્ટ ડાળીઓ પાન ફુલ વગેરે દુર કરવા સામે ઈજારદાર વાંધા લઈ શકશે નહી. |
| ૧૯. | ટેન્ડર પત્રકમાં દર્શાવેલ ઝાડ સીવાયના કોઈપણ જાતના ઝાડમાંથી ફળ, ફુલ કે પાન વેડાશે નહી. |
| ૨૦. | સરકારી કે નગરપાલીકાના કોઈપણ દર ઓકટ્રોય, જે કાંઈ લાગો લેતરો ભરવાના થાય તે ઈજારદારે ભરવાના રહેશે. |
| ૨૧. | સરકારી કે યુનિ.કર્મચારી, યુનિ.ના લેણદારો કે બ્લેકલિસ્ટમાં મુકેલ ઈજારદારો માંગણીમાં ભાગ લઈ શકશે નહી. |
| ૨૨. | વધારેમાં વધારે માંગણી સ્વીકારી કે નહી તેની જરૂર જણાયે પાર્ટીસાથે નેગોશીએશન કરી માંગણી મંજુર કરવાની અબાધીત સતા કમીટીની રહેશે. |
| ૨૩. | વિવાદી પ્રશ્નોમાં આખરી નિર્ણયની અબાધીત સત્તા કન્વીનરશ્રી, આચાર્ય અને ડીન, બાગાયત મહાવિદ્યાલય જૂ.કૃ.યુ., જૂનાગઢ ની સતા મર્યાદામાં રહેશે. |
| ૨૪. | ઈજારો પુરો થયે ઈજારદારની ડીપોઝીટ પરત મેળવવા માટે યુની. પાસે ગ્રાન્ટની જોગવાઈ મુજબ સમય મર્યાદાને ધ્યાને ન લેતા ડીપોઝીટ પરત કરવામાં આવશે. |
| ૨૫. | ઈજારાની શરતોના અર્થઘટનમાં કોઈ વાવ વિવાદ થશે તો કમીટી જે નિર્ણય કરે તે માન્ય રાખવાનો રહેશે. |

કન્વીનર
આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂકૃયુ, જૂનાગઢ

**–:: પ્રમાણપત્ર ::–**

આથી બાહેંધરી આપવામાં આવે છે કે, ઉપરોકત ક્રમ નં. ૧ થી ૨૫ ની શરતો અને બોલીઓ મને માન્ય છે તેમજ ટેન્ડરને લગતી સમગ્ર વિગતો મેં બરાબર વાંચી અને સમજી છે અને અમોને ઉપરોકત બોલીઓ અને શરતો મને અને મારા વંશવારસદારને માન્ય છે તથા ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ અમારી વિગતો સાચી છે. જો ખોટી ઠરે તો, કમિટી જે પગલાં લેશે તે અમોને માન્ય છે. જેની ખાતરી બદલ નીચે સહી કરેલ છે.

સ્થળ: જૂનાગઢ — ઈજારાદારની સહી : ____________________

તારીખ: /૦૮/૨૦૨૬ — ઈજારદારનું નામ :( )